**મુલત્વી ફાસ્ટટેગનો અમલ શરૂ**

# જિલ્લામાં નિયત ગામોની ટોલ મુક્તિ છીનવાઈ જવાની ભીતિ


બાયડ, તા.૧૫

તા.૧૫ ફેબ્રુઆરીથી ટોલ પ્લાઝા ઉપર ફાસ્ટટેગનો અમલ શરૂ થયો છે. અગાઉ વિરોધનો સુર ઉઠતાં ફાસ્ટટેગનો અમલ મુલત્વી રાખવામાં આવ્યો હતો પરંતુ હવે ટોલનાકા પરથી અન્ય વાહનચાલકોતો ઠીક પણ સ્થાનિકોએ પાસ લેવો પડશે. પાસ નહિ લેનારે નિયત ટોલ ફી ફાસ્ટટેગથી ચુકવીને પાસર થવું પડશે તેવી સ્થિતિ ઉભી થઈ છે. ટોલપ્લાઝા સંલગ્ન ગામોના સ્થાનિક વાહનચાલકોએ આગામી દિવસોમાં ટોલનાકાના નવા નિયમ પ્રમાણે તેમને આપવામાં આવતી નિઃશુલ્ક સેવા ગુમાવશે તેવી દહેશત છે.



જિલ્લામાંથી પસાર થતાં હાઈવે પર આવેલ ગામના રહીશોએ જાન્યુઆરી માસમાં મુલત્વી રહેલ ફાસ્ટટેગનો ૧૫ ફેબ્રુઆરીથી અમલ કરવો પડશે. નવા નિયમ મુજબ ફરજીયાતપણે પાસ લેવો પડશે ટોલનાકા ઉપર સરકારે ફાસ્ટટેગની જાહેરાત કરી ત્યારથી વાહનચાલકોમાં ભારે વિરોધ વંટોળ જોવા મળ્યો હતો જેના કારણે સરકારે ફાસ્ટટેગનો અમલ કરવાનું મોડવાડ રાખ્યું હતું પરંતુ હવે ફરીથી તેનો અમલ શરૂ કરાવ્યો છે. ટોલપ્લાઝા ઉપર નવા નિયમ લાગુ થતાં નિર્ધારિત કરાયેલા ટોલમુક્તિના ગામના નાગરિકો અને વાહન ચાલકોએ ટુંક સમયમાં જ અવર-જવર કરવા માટે પાસ લેવો પડશે અને પાસ નહિ હોય તો નિયત ફી ચુકવવી પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. જિલ્લામાં ફોરલેન હાઈવે તેમજ સ્ટેટ હાઈવે ઉપર નિયત સ્થળે ટોલપ્લાઝા ઉપર ટેક્ષ વસુલવામાં આવે છે જેમાં સોમવારથી ફાસ્ટટેગનો અમલ શરૂ થયો છે. અત્યાર સુધી ટોલપ્લાઝાની આસપાસના ગામોને ટેક્ષ ભરવામાંથી મુક્તિ હતી તે લોકોને હવે પાસ લેવા પડશે તેવું જાણવા મળ્યું છે.

**ટોલ સંલગ્ન ગામના વાહનચાલકો માટે પાસ સિસ્ટમ..!!**



ટોલપ્લાઝા ઉપર જાન્યુઆરી મહિનામાં ફાસ્ટટેગનો અમલ શરૂ થવાનો હતો પરંતુ શરૂઆતથી વિરોધનો સુર ઉઠ્યો હતો. જેના કારણે ફાસ્ટટેગનો નિયમ જે-તે સમયે પડતો મૂકવામાં આવ્યો હતો પરંતુ હવે સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓના માહોલમાં ફાસ્ટટેગ એકાએક અમલી બનાવવામાં આવ્યો છે. ટોલપ્લાઝા આસપાસના ગામોને અગાઉ ટોલમુક્તિ આપવામાં આવી છે પરંતુ નવા નિયમ મુજબ પાસ ફરજીયાત બનાવાશે તો ટોલ સંલગ્ન ગામડાઓમાં ફરીથી ફાસ્ટટેગનો વિવાદ ઉભો થવાની દહેશત છે.

# ચોરીના ચાર મોટરસાયકલ સાથે ચાર આરોપીઓ ઝડપાયા

**હિંમતનગર, ખેડબ્રહ્મા, ઇડર અને સાણંદની ચોરીનો ભેદ ઉકેલતી એસ.ઓ.જી પોલીસને સફળતા : હિંમતનગરના ધાણધા ફાટક પાસે ચાર બાઇક ચાલકોએ પોલીસને જોઇને ભાગવાનો પ્રયાસ કર્યો હતો**

હિંમતનગર, તા.૧૫

પોલીસ મહાનિરીક્ષક અભય ચૂડાસમા ગાંધીનગર તથા સાબરકાંઠા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજરે સાબરકાંઠા જિલ્લામાં ચોરીના તથા મિલકત ચોરીના ગુનાઓ અટકાવવા સઘન પેટ્રોલિંગની સુચના કરી હતી.

જે અંતર્ગત સાબરકાંઠા એસ.ઓ.જી ટીમ ધ્રાંગધ્રા ફાટક મહેતાપુરા ખાતે પેટ્રોલિંગમાં હતી દરમ્યાન શંકાસ્પદ હાલતમાં ૪ મોટરસાયકલ આવતા પોલીસની ગાડી જોઈને ભાગવાનો પ્રયાસ કરતા ચારેય મોટરસાયકલને કોર્ડન કરી વારાફરતી પકડી પાડી ચારેય શખ્સોની પૂછપરછ હાથ ધરતા હિંમતનગર , ખેડબ્રહ્મા , ઈડર અને સાણંદમાં ચોરાયેલી બાઈકોનો ભેદ ઉકેલાયો હતો પોલીસ ચોરીના કુલ ચાર મોટરસાયકલ કિં.રૂ. ૧૦૦૦૦૦/- નો મુદ્દામાલ કબજે કરી આરોપની જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગતરોજ શનિવારે સાંજે સાબરકાંઠા એસ.ઓ.જી ટીમ ધ્રાંગધ્રા ફાટક મહેતાપુરા ખાતે પેટ્રોલિંગમાં હતી દરમિયાન શંકાસ્પદ હાલતમાં ચાર મોટરસાયકલ આવતા પોલીસની ગાડી ને જોઈને ભાગવાનો પ્રયાસ કરતા સદર મોટરસાયકલ ચાલકોને કોર્ડન કરી પકડી પાડયા હતા અને ચારે ચાર લોકો પાસે મોટરસાયકલ ની માલિકીના કાગળો રજૂ કરવા જણાવતા તેમની પાસે નહીં હોવાથી મોટર સાયકલ નં ૪ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબજે લઈ તમામ આરોપીઓની કરી આકરી પૂછપરછ હાથ ધરતા હિંમતનગર , ખેડબ્રહ્મા , ઈડર અને સાણંદમાં થી બાઈકો ચોર્યા હોવાની કબુલાત કરી હતી જેને પગલે પોલીસે ચોરીના કુલ ૪ મોટરસાયકલ કિં.રૂ. ૧૦૦૦૦૦/- નો મુદ્દામાલ કબજે કરી આરોપની જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



## થરાદના મલુપુર નજીક અજાણ્યા વાહનની ટકકરે યુવકનું મોત

બનાસકાંઠા જીલ્લાના થરાદ તાલુકાના મલુપુર ગામે અકસ્માતની ઘટના સામે આવી છે. ગઈકાલે મોડીરાત્રે શિવરામભાઈ પટેલ અને ભેમજીભાઈ પટેલ ખેતરમાં પાણી વાળી રહ્યાં હતા. આ દરમ્યાન અચાનક રોડ પર ધડાકાનો અવાજ સાંભળી બંને દોડી આવ્યા હતા. જ્યાં તપાસ કરતાં રોડ ઉપર આવી તપાસ કરતાં અંદાજીત ૨૫ વર્ષિય યુવક મૃત હાલતમાં પડ્યો હતો. આ સાથે તેના શરીરે જોતાં કમરના ભાગે તથા ડાબા પગે એક્સિડન્ટમાં ઈજાઓ થતાં ફેક્ચર થયાનું જણાયુ હતુ. જેને લઈ તાત્કાલિક ૧૦૮ ને જાણ કરવામાં આવી હતી.

થરાદ તાલુકાના મલુપુર ગામે માર્ગ અકસ્માતની ઘટનામાં એક યુવકનું મોત થવાની ઘટના સામે આવી છે. ગઈકાલે મોડીરાત્રે ખેતરમાં પાણી વાળતાં ખેડૂતે અચાનક ધડાકાનો અવાજ સાંભળતાં રોડ પર દોડી આવ્યા હતા. જ્યાં જોતાં એક યુવક મરણ ગયેલ હાલતમાં પડ્યો હતો. આ સાથે થોડે દૂર એક કાર ઝાડ સાથે અથડાઈને પલટી ખાઈ ગયેલ હાલતમાં પડી હતી. જોકે તેમાં કોઈ વ્યક્તિ બેસેલ ન હોવાથી ચાલક ફરાર થઈ ગયો હોવાનું સામે આવ્યુ હતુ. ઘટનાને લઈ ખેડૂતે અજાણ્યાં ફરાર કાર ચાલક સામે થરાદ પોલીસ મથકે ગુનો નોંધાવ્યો છે.

# હિંમતનગર ખાતે "જયશ્રી રામના" નારા સાથે બજરંગ દળ દ્વારા આક્રોશ રેલી યોજાઈ

**શાંતિપૂર્ણ માહોલમાં શહેર ના ગણપતિ મંદિર થી મહાવીર નગર સુધી જન આક્રોશ રેલી યોજાઈ : રિંકુ શર્માની આત્માની શાંતિ માટે બે મિનિટ નું મૌન પાડી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી**

બાયડ, હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના વડામથક હિંમતનગર ખાતે શાંતિપૂર્ણ માહોલમાં શહેર ના ગણપતિ મંદિરથી મહાવીર નગર સુધી દિલ્હી ખાતે ઘરે ઘરે જઈને શ્રીરામ મંદિરના સમર્પણ માટે નીકળેલા શ્રીરામ ભક્ત રિંકુ શર્માની બેરહેમીપૂર્વક કરાયેલ હત્યાંના વિરોધમાં " જયશ્રી રામના " ના નારા સાથે બજરંગ દળ દ્વારા આક્રોશ રેલી યોજાઈ હતી જેમાં બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો ખુબ જ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને શ્રીરામ ભક્ત રિંકુ શર્માની આત્માની શાંતિ માટે બે મિનિટ નું મૌન પાડી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.



દિલ્હી ખાતે શ્રી રામ ભક્ત રિંકુ શર્મા શ્રીરામ મંદિર નિર્માણ નિધિ સમર્પણમાં સેવા આપતા સમયે જય શ્રીરામ ના નારા બોલતા વિધર્મીઓ દ્વારા રિંકુ શર્મા ની કરપીણ હત્યાં કરવામાં આવી હતી.

આ ઘટનાને પગલે સમગ્ર દેશભરમાં હિન્દુ સમાજમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે ત્યારે હિંમતનગરમાં બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા શહેરના ગણપતિ મંદિરથી મહાવીર નગર સર્કલ સુધી " જયશ્રીરામ ' ના નારા સાથે જન આક્રોશ રેલી યોજવામાં આવી હતી બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા તેમજ રેલીમાં કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે શહેર એ - ડીવીજન પોલીસની રેલીમાં હાજર જોવા મળી હતી શ્રીરામ ભક્ત રિંકુ શર્મા ને આત્મા ને શાંતિ માટે બે મિનિટ નું મૌન પાડી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી અને શાંતિપૂર્ણ માહોલમાં રેલી યોજાઈ હતી રેલીમાં વિશ્વ હિન્દુ પરિષદના અગ્રણી નલીનભાઈ પટેલ, હિતેષભાઈ પટેલ બજરંગ દળ ના ના અગ્રણી રાજુ ભાઈ માલવિયા, દક્ષ ભાઈ પટેલ, કિરણ ભાઈ દેસાઈ, વિનોદ ભાઈ અવસ્થી, નિશાંત ભાઈ બારોટ તેમજ અન્ય કાર્યકરો આ આક્રોશ રેલી મા જોડાયા હતાં.

## આવી નિર્મમ હત્યા જો હવે પછી કરવામાં આવશે તો હિન્દુ સમાજના યુવાનો શાંતિથી બેસસે નહીં

દિલ્હી ખાતે શ્રીરામ ભક્ત રિંકુ શર્માની બેરહેમીપૂર્વક કરાયેલ હત્યાંના વિરોધમાં હિંમતનગર ખાતે " જયશ્રી રામના " નારા સાથે યોજાયેલી આક્રોશ રેલીમાં બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદે ભારે આક્રોશ વ્યક્ત કરતાં " જયશ્રી રામના નારા સાથે જણાવ્યું હતું કે, આવી નિર્મમ હત્યા જો હવે પછી કરવામાં આવશે તો હિન્દુ સમાજના યુવાનો શાંતિથી બેસસે નહીં ! તેનો આક્રમક રીતે જવાબ આપવા હિન્દુઓ તૈયાર છે સાથે સાથે સમગ્ર ભારતની અંદર શ્રીરામ ભગવાનનું મંદિર બનવા જઈ રહી છે ત્યારે આ કાર્યની અંદર રીકુ શર્મા જોડાયેલો હતો અને ઘરે ઘરે જઈને રામ મંદિરના સમર્પણ માટે નીકળ્યો હતો ત્યારે આજે તમામ યુવા બંધુઓ પ્રતિજ્ઞા લે છે કે શ્રી રામ મંદિર માટે સમર્પિત રહી ને ભવ્યાતિભવ્ય શ્રી રામ મંદિરનું નિર્માણ કરવામાં સંપૂર્ણ સહયોગ આપશે.

# સ્થાનિક સ્વરાજ્યનો ચુંટણી જંગ : ઉત્તર ગુજરાતમાં વીજ તંત્ર એક્શન મોડમાં

**મતદાનના દિવસે વીજ પુરવઠો ન ખોરવાય તેની તકેદારી : ૨૮ ફેબ્રુઆરીએ ટીમો સ્ટેન્ડબાય રખાશે**

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૧૫

સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીનો જંગ જામ્યો છે. ઉત્તર ગુજરાતમાં ચુંટણી વિભાગ સાથે અન્ય વિભાગો પણ ચુંટણી લક્ષી કામગીરી માટે સજ્જ બન્યા છે. જિલ્લા-તાલુકા અને નગપાલિકાની ચુંટણીમાં તા.૨૮ ફેબ્રુઆરીએ મતદાન થવાનું હોવાથી આ દિવસે ક્યાંય વીજ પુરવઠો ન ખોરવાય તે માટે ૫ જિલ્લાનું વીજતંત્ર પણ એક્શન મોડમાં આવ્યું છે. જિલ્લા કક્ષાએ તમામ ફિડરોમાં જરૂર જણાય ત્યાં મેન્ટેનન્સની કામગીરી કરવા માટે સૂચના આપવામાં આવી છે. મતદાનના દિવસે વીજ પુરવઠામાં ગરબડી ન થાય તે માટે ઈજનેરો, વીજ તંત્રની ટીમો-કોન્ટ્રાક્ટરોને સ્ટેન્ડબાય રહેવાના આદેશ અપાયા છે.

ચુંટણીઓ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં સંપન્ન થાય તે માટે સરકારના તમામ વિભાગો કામે લાગ્યા છે જિલ્લા, તાલુકા અને નગરપાલિકાની તા.૨૮ ફેબ્રુઆરીના રોજ ચુંટણી યોજાવાની હોવાથી મતદાન પ્રક્રિયા અડચણ વગર પૂર્ણ થાય તે માટે ખાસ તકેદારી રાખવાના આદેશો કરાયા છે. ચુંટણીને ધ્યાનમાં રાખી તમામ વિભાગો ગતિશીલ બની ગયા છે ત્યારે ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા પણ મતદાનના દિવસે કોઈપણ બુથ ઉપર વીજ પુરવઠો ન ખોરવાય તેની આગોતરી તૈયારી શરૂ કરવામાં આવી છે. તકેદારીના ભાગરૂપે વીજ અધિકારીઓને જરૂરી સમારકામ કરવાની સૂચનાઓ આપવામાં આવી છે. જ્યારે મતદાનના દિવસે સબ-ડિવિઝન કક્ષાએ ઈજનેરો કોન્ટ્રાક્ટરો અને અન્ય ટીમોને સ્ટેન્ડબાય રાખવામાં આવશે. સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીનો માહોલ ગરમાયો છે ત્યારે યુજીવીસીએલના અધિકારીઓને પણ ચુંટણીલક્ષી કામગીરી કરવા માટે મેન્ટેનન્સ સહિતની કામગીરી ચકાસી લેવા માટે જણાવવામાં આવ્યું છે.



**ધનસુરામાં ફોર્મની ચકાસણી**

સ્થાનિક સ્વરાજની ચૂટણીને લઈ ધનસુરા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની સીટો માટેના ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવી હતી. ધનસુરા તાલુકા પંચાયતની ૧૮ સીટો અને જિલ્લા પંચાયતની ૪ સીટો માટે ફોર્મ ભરાયા હતા. આ ફોર્મની તપાસ કરવામાં આવી હતી. ચૂંટણીનો ધમધમાટ શરુ થયો છે ત્યારે ધનસુરા મામલતદાર ચેતનસિંહ ઝાલા, ટીડીઓ પ્રતિકભાઈ પટેલ, અશ્વિનભાઈ પટેલ અને હાર્દિક પટેલ, જય જોશી (તાલુકા મદદનીશ ચૂંટણી અધિકારી)ની દેખરેખમાં તૈયારીઓ શરુ થઈ છે સમગ્ર ચૂંટણી સ્ટાફ ધ્વારા ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવી હતી.

# સરડોઈ પંથકના ખેડૂતો દાયકાઓથી સિંચાઈ યોજનાના લાભથી વંચિત

**સર્વે કરાવી કેનાલનો લાભ આપવા ખેડૂતોની માંગ**

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૧૫

મોડાસા તાલુકાના સરડોઈ પંથકના ખેડૂતો દાયકાઓથી સિંચાઈના લાભથી વંચિત રહ્યા છે. રાજ્ય સરકારની એકપણ સિંચાઈ યોજનાનો લાભ મળ્યો ન હોવાથી ખેડૂતો માત્ર ચોમાસામાં સારૂ ઉત્પાદન મેળવી શકતા હોય છે. જ્યારે અન્ય સીઝનમાં સિંચાઈ માટેની અસુવિધાના કારણે ઉત્પાદનમાં ફટકો પડતાં ખેડૂતો દેવાના બોઝ હેઠળ દબાઈ રહ્યા છે. નર્મદાનાં પાણી કચ્છ સુધી પહોંચાડવામાં આવ્યા છે ત્યારે સરકાર અને સિંચાઈ વિભાગ પંથકમાં સિંચાઈ યોજના માટેનો સર્વે કરાવી દાયકાઓથી સિંચાઈથી વંચિત રહેલા ખેડૂતોને કેનાલ-સિંચાઈ યોજનાનો લાભ આપે તેવું ખેડૂતો ઈચ્છી રહ્યા છે.

રાજ્ય સરકારની સિંચાઈ યોજનાથી ખેડૂતોને દરેક સીઝનમાં વાવેતરમાં ફાયદો થતો હોય છે. સરકારની મહત્વકાંક્ષી સુજલામ સુફલામ યોજનાના માધ્યમથી સૂકાભઠ્ઠ વિસ્તારોમાં ખેતીની હરિયાળી જોવા મળી રહી છે પરંતુ અસંખ્ય ગામો આજે પણ સરકારની સિંચાઈ યોજનાઓથી વંચિત રહેવું પડ્યું છે. મોડાસા તાલુકાના સરડોઈ, ટીંટીસર, સજાપુર, લાલપુર, પાદર, દાવલી, વાંટડા, શામપુર, નવા સહિતના ગામોના ખેડૂતોને સરકારની એકપણ સિંચાઈ યોજના સાથે જોડવામાં આવ્યા નથી. જેના કારણે ખેડૂતોને માત્ર ચોમાસા ઉપર નિર્ભર રહેવું પડતું હોય છે. કરોડોના ખર્ચે સરકાર સિંચાઈ યોજનાઓ અમલમાં મૂકે છે પરંતુ સિંચાઈથી વંચિત રહેલા ગામોને લાભ અપાવવા માટે કોઈ પ્રયાસ થતા નથી જેથી સરડોઈ પંથકના ખેડૂતો માટે સિંચાઈ યોજનાઓ ઝાંઝવાના જળ સમાન બની રહી છે. જિલ્લાના વાત્રક, મેશ્વો, માઝૂમ સહિતની કેનાલોથી અન્ય ખેડૂતોને સિંચાઈનો લાભ આપવામાં આવી રહ્યો છે પરંતુ ડુંગરાળ વિસ્તારના કારણે આજદિન સુધી સિંચાઈનાં પાણી સરડોઈ પંથકના ખેડૂતોના ખેતરમાં પહોંચે તેવા પ્રયત્નો સરકાર અને તેના વિભાગે કર્યા જ નથી. સરકારી સિંચાઈ સુવિધાના અભાવે ખેડૂતો પાક ઉપજમાં ખોટ સહન કરી રહ્યા છે અને પંથકમાં બોરકૂવાનાં તળ ઉંડાં જતાં ચોમાસા સિવાયની સીઝનમાં ખેડૂતોને પાકમાં સિંચાઈનાં પાણી આપવામાં મુશ્કેલ સ્થિતિ ઉભી થતી હોય છે. વર્ષોથી પંથકની નબળી નેતાગીરીના કારણે ખેડૂતો સિંચાઈ યોજના માટે ટળવળી રહ્યા છે ત્યારે ઉપરોક્ત ગામોને યોજનાનો લાભ આપવા માટે તંત્ર ખેડૂતોની મદદે આવે તો સિંચાઈના અભાવે સૂકાભઠ રહેતા ખેતરો હરીયાળા બને તેમ છે. આઝાદીના દાયકાઓ પછી પણ ખેડૂતો આ વિસ્તારમાં બોર-કૂવાથી ખેતીની દરેક સીઝનમાં સિંચાઈ કરતા હોય છે પરંતુ પાછલા કેટલાંક વર્ષોથી ભૂગર્ભ જળ ઉંડા જતાં ખેડૂતોના બોર-કૂવા નિષ્ફળ બનવા લાગતાં હવે એકમાત્ર સરકારી સિંચાઈ યોજના ખેડૂતો માટે આશા જન્માવી છે જેથી જવાબદાર વિભાગ અને રાજકીય આગેવાનો સરડોઈ પંથકમાં સરકારી સિંચાઈ યોજનાઓ સાકાર થાય તે માટે પ્રયત્ન કરશે ખરા ?

## પ્રાંતિજ પોલીસે અરવલ્લીના બાયડના છાપરીયાના પીકઅપ ડાલુચાલક વિરૂધ્ધ ગુનો નોંધ્યો

પ્રાંતિજના ટુડોર ત્રણ રસ્તા પાસેથી પ્રાંતિજ પોલીસે વાહન ચેકીંગ દરમ્યાન પીકઅપ ડાલામાથી વાસની લાકડી મળી આવતા પીકઅપ ડાલુ ચાલકે સંતોષકારક જવાબ ન આપતા તેની સામે પોલીસ ફરિયાદ થઈ હતી. પીકઅપ ડાલુ નંબર-જી-૨૪-ફ-૯૨૭૯ ને ઉભું રાખતા ડ્રાઈવરની સીટની નીચેથી એક લાકડી મળી આવતા પુછતાછ કરતા ડાલુચાલકે કોઈ સંતોષકારક જવાબ આપ્યો ના હતો. ડાલુચાલકને સાબરકાંઠા જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબના જાહેરનામાનો ભંગ કરવા બદલ ઈકો પીકઅપ ડાલુ ચાલક વિક્રમભાઈ મોહનભાઈ પરમાર ઉ.વર્ષ -૩૩ રહે. છાપરીયા બાયડ તા.બાયડ, જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબ ગુનો નોધી કાર્યવાહી હાથ ધરી હતી.

# પ્રાંતિજ ખાતે વિશ્વ પ્રવાસી સામાજીક અને સાંસ્કૃતિક સંઘ દ્વારા બેઠક મળી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ દશામાં હોલ ખાતે વિશ્વ પ્રવાસી સામાજીક અને સાંસ્કૃતિક સંઘ દ્વારા એક બેઠક યોજાઈ હતી. પ્રાંતિજ ખાતે મળેલ બેઠક માં વિશ્વ હિન્દુ પરિષદ તેમજ ભારતીય જનતા પાર્ટીના સંયુક્ત ઉપક્રમે " માનસરોવર બચાવો અભિયાન " અંતર્ગત સાબરકાંઠા જિલ્લા પ્રમુખ નિતિનભાઈ પટેલ , યુવામોરચા મહામંત્રીઓ અનુજ પટેલ, હાર્દિક પટેલ, અરવલ્લી જિલ્લા મહિલા મોરચા પ્રમુખ દક્ષાબેન પટેલ, કોષાયક્ષ સાબરકાંઠા ડાૅ નીલય પટેલ, ડાૅ.કેયુર પટેલ, નગરપાલિકા પ્રમુખ દિપકભાઈ કડીયા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.